આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૨/૦૧/૨૦૨૬ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ.લ.ઇ.) ચાલુ વીકમાં ઘરમાં વડીલોની સલાહ આત્મવિશ્વાસ વધારશે. કૌટુંબિક અને સામાજિક સંબંધો મજબૂત બનશે. ઇચ્છિત પ્રેમવિવાહમાં સહકાર મળે. રોજનાં કામમાં અનુકૂળતા અને આવક વધશે. ખાવા-પીવાના શોખીનને પેટ-પાચનતંત્ર સહિતની આરોગ્યની સમસ્યા વધશે. અચાનક ધનપ્રાપ્તિ થાય. ઉઘરાણી આવે. વિદ્યાર્થીઓને સારું પરિણામ મળે. ઇન્ટરવ્યુ કે હરીફાઈમાં સફળતા મળે. વિદેશનાં કામ થાય.

વૃષભ (બ.વ.ઉ.) સપ્તાહ નોકરીમાં અનુકૂળતા રહેશે. વિજાતિય આવેગ રહે. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ પેદા થઇ શકે છે. સરકારી કામમાં પ્રગતિ થાય. નવી નોકરી મળે. સમાજજીવનમાં યશ મળે. સંતાનોનાં કામ થાય. વારસાનાં કામ પાર પડશે. કલા સાહિત્યક્ષેત્રે પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસ થાય. ગૂઢ વિદ્યામાં રસ જાગે. ઉઘરાણી આવી શકે છે. તીર્થ યાત્રા થાય.ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. કોઇ દેવી કૃપાના અનુભવ થાય.

મિથુન (ક.છ.ઘ.) ચાલુ વીકમાં પ્રેમમાં તાલમેળ અને વિશ્વાસ વધશે. મિત્રોનો સાથ મળે. વફાદાર મિત્રો સાથે આવક વધારવાની યોજના બને. શેર, સટ્ટા લોટરી વાયદાનાં કામ થાય. કોઇ ઇનામ મળી શકે છે અથવા ભેટ મળે. નોકરીમાં નવી તક જવાબદારીથી મોભો વધે. સરકારી નોકરીની શક્યતા રહે. ભાગીદારી, વારસા, કોર્ટ, કચેરીનાં કામ સરળ બને. ઉચ્ચ કક્ષાના લોકોથી લાભ થાય. જીવનસાથીનો સાથ.

કર્ક (ડ.હ.) ચાલુ વીકમાં પોતાની ઓળખ ઊભી કરવાની તક મળે. યુવાનોને ઉચ્ચ હોદ્દાની નોકરી મળે. ઘર, વાહન, જમીન, મિલકત બાબતે અનુકૂળતા થાય. અચાનક નવા ફેરફારથી લાભ થાય. નોકરીમાં પ્રમોશન મળે. પોતાની પ્રતિભાનો લાભ મળે. કુટુંબ -સમાજ અને જાહેર જીવનમાં સફળતા મળે. ઉમરલાયકને પ્રેમવિવાહની ઓફર મળે. ભાગ્યને ચમકાવે તેવી તક મળે. સરકારી નોકરીમાં મોભો વધશે.

સિંહ (મ.ટ.) ચાલુ વીકમાં ટીમવર્કથી લાભ થાય. નવું શીખવા મળે. નવા પ્રોજેક્ટનો હિસ્સો બનવાનું બને. અચાનક નવાં કામ મળે. નોકરીની ઇચ્છા પૂર્ણ થાય.પ્રવાસમાં ઉચ્ચ કક્ષાનાં લોકોની મુલાકાત થાય. સહકર્મીઓનો સાથ મળે. વારસાનાં કામ થાય. નવાં ઘર, વાહનના યોગ બને. વિદ્યાર્થીઓને તક મળે. શેર બજારમાં લાભ થાય. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે.

કન્યા (પ.ઠ.ણ.) ચાલુ વીકમાં મિત્રો-બાળકો, સ્નેહીઓ સાથે સામાજિક મેળાવડામાં આનંદ-પ્રમોદનો લાભ મળે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. વારસાનાં કામ થાય. ઉઘરાણી આવે. દલાલી, ટેકનોલોજી, શિક્ષણને લગતાં કામમાં સફળતા મળે. કલા,સાહિત્ય, નૃત્ય, લેખન વગેરેમાં સફળતા મળે. મિલકતના લે-વેચના સોદા પાર પડશે. બૌદ્ધિક કામ સફળ થાય. અચાનક ધનલાભ થાય. પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ આવે.

તુલા (ર.ત.) ચાલુ વીકમાં અનુકૂળ લોકોની મુલાકાતથી કેરિયરમાં નવી દિશા મળે. અન્ય લોકોની સાથે મળીને કામ કરવાના ક્રિએટીવ વિચારો નવી તક ઊભી કરશે. ઘર તેમ જ કામની જગ્યાએ તમારા કામની કદર થાય. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. નવી બચત યોજના બને. નાનાં ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. મિલકત બાબતે પ્રગતિ થાય. મકાન-વાહનની યોજના બને. વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણની તક મળે.

વૃશ્ચિક (ન.ય.) સપ્તાહ દરમિયાન સંબંધો બાબતે લાગણી પર કાબૂ રાખવો. એકલા પ્રવાસ કરવાનું ટાળવું. વિદેશ પ્રવાસનાં કામમાં ગતિ આવે. ધાર્મિક યાત્રાથી શાંતિ મળે. નવી જવાબદારીમાં લીડરશીપ નિભાવવી પડે. નવા વાતાવરણ અને લોકો સાથે કામ કરવાનો મોકો મળે. શુભ સમાચાર મળે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે. નવી નોકરી મળે. વિશ્વાસપાત્ર લોકો સાથે વ્યવસાયની શરૂઆત થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) સપ્તાહમાં વિદ્યાર્થીઓએ સખત મહેનત કરવી પડશે. પરિવાર સાથે સામાજિક મેળાવડામાં નવા સંબંધો વિકાસ પામે. ઉચ્ચ કક્ષાનાં સ્ત્રી મિત્રોનો સાથ મળે. પ્રેમમાં અનુકૂળતા રહે. સંતાન ચિંતા સતાવે. આવક વધે. પ્રવાસમાં સાવધાની રાખવી. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. ખાવા-પીવાનાં શોખીનોને પાચનની સમસ્યા સતાવે. અચાનક ધનલાભ અને શુભ સમાચારથી ઉત્સાહ વધશે.

મકર(ખ.જ.) ચાલુ વીકમાં ધંધા-વેપાર વધારવાની તક મળે. સ્પષ્ટ વ્યવહાર અને વાતચીતથી વિશ્વાસપાત્ર બનશો. નવા ધંધા માટે પારિવારિક સાથ મળે. સંબંધોમાં લાગણીઓ પર કાબૂ રાખવો. સંતાનોના પ્રશ્નો સતાવશે. શેર બજારમાં તક મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. મિત્રો સાથે મનોરંજન થાય. ધર્મકર્મથી શાંતિ મળે. વિદેશના કામમાં વિલંબ થાય.

કુંભ (ગ.સ.શ.ષ.) સપ્તાહ ઉચ્ચ શિક્ષણ અને વિદેશમાં અભ્યાસની યોજના કરનાર માટે અનુકૂળ છે. રોમેન્ટીક યાત્રામાં મિલન મુલાકાત થાય. નવી જગ્યાએ કામ કરવાનો મોકો મળે. નવા અનુભવોથી નવી દિશા મળે. પ્રોપર્ટીનાં કામ થાય. નોકરીમાં જવાબદારી વધે. શેર બજારમાં ધીરજ રાખવી. સંતાનોની પ્રગતિ થાય. મિત્રો સાથે સામાજિક કાર્ય પાર પડે. પ્રેમમાં સાથ મળે. વિશ્વાસ વધશે.

મીન (દ.ચ.ઝ.થ.) ચાલુ વીકમાં માર્કેટીંગ, સરકારી કામ, વીમા-એજન્સી વિલ-વારસાને લગતાં કામ થાય. બૌદ્ધિક કામમાં યશ મળે. જીવનસાથીનો સાથ મળે. પ્રેમમાં મિલન થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસ, ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં ભાગ્યનો સાથ મળે.ઉચ્ચ કક્ષાનાં વિજાતિય પાત્રોની મુલાકાત થાય. અટકેલાં કામ પાર પડે. રાજકીય મદદમળે. વેપાર-ધંધામાં આવક વધશે.

મકર રાશિમાં કુલ પાંચ ગ્રહની અસર

ગંભીર અને રણનીતિક, આત્મકેન્દ્રિત, જવાબદાર, શંકાશીલ, અનુશાસિત, જીદ્દી અને અત્યાધિક નિયંત્રણ એવી મકર રાશિમાં ઉત્તરાષાઢા નક્ષત્રમાં ભ્રમણ કરતા પ્લુટો કે જે નવીનીકરણ પરિવર્તનની ક્ષમતા અને શક્તિના પ્રતીકરૂપ યુદ્ધનો દેવ છે. દુનિયામાં કુદરતી અને માનવસર્જીત કાયમી અસર કરનાર ફેરફાર કરનાર પ્લુટો છે. વિનાશકારી નાટકીય રીતે જાતકનાં જીવન અને પૃથ્વી પર બદલાવ લાવનાર, જૂની રીતરસમો અને પરંપરા કે સ્થિતિ કે પ્રાણીમાત્રને અસર કરતી ચીજ-વસ્તુ, જમીન,દેશ અને દુનિયાની સરહદો વગેરેને નષ્ટ કરીને નવી શરૂઆતનો પાયો નાખવાનું કામ પ્લુટોનું છે. સંપૂર્ણ આધુનિક નવીન ટેકનલોજીનું સર્જન કરનાર છે. પ્લુટો એટલે Gen Z અને તે પછી Alpha, Beta વગેરેનો કારક અને તેનું પ્રતિનિધિત્વ કરનાર પ્લુટો સાથે સૂર્ય, મંગળ, બુધ, શુક્રના ભ્રમણનો શુભ સંકેત આધુનિક માનવજાત માટે નથી.

ગ્રેગોરિયન વર્ષ 2026ની શરૂઆત સૂર્ય ધન રાશિમાં પૂ.ષા. શુક્ર, પૂ.ષા. મંગળ પૂ.ષા. અને બુધ મૂળ નક્ષત્રમાં અગ્નિ તત્ત્વની રાશિમાં ગુરુ અને શનિની દૃષ્ટિમાં એક અદ્ભુત યોગ પ્રથમ દૃષ્ટિએ શુભ લાગતો પણ ભાવિ માટે અશુભ સંકેત સમાન હતો. ગ્રહ નક્ષત્રની ઊર્જા પૃથ્વીના વાતાવરણ અને માનવીના મસ્તિક પર જબરજસ્ત પ્રભાવ પાડે છે. સૂર્ય મંગળ ક્રૂર ગ્રહ છે, જે બુધ, શુક્ર જેવા ગ્રહોની હાજરીમાં પોતાની સર્જનાત્મકતા પર કાબૂ રાખી શકતા નથી. માણસના મનને વિકૃત બનાવી દે છે. નવા વર્ષથી લઇને આજ સુધીમાં જે માનવસર્જીત અને કુદરતી હોનારત થવાનું કારણ આ યુતિ છે. પૃથ્વીના પેટાળ, સમુદ્રની ગહરાઈ, આકાશની ઊંચાઈ અને પૃથ્વીની સપાટી પર જે થઇ રહ્યું છે તે તો ફક્ત શરૂઆત છે.

તારીખ 13 શુક્ર, તા. 14, સૂર્ય, તા. 16 મંગળ અને તા. 17 બુધ પ્લુટો સાથે આ જ રીતે એક અદ્ભુત સંયોગથી યુતિમાં આવી રહ્યા છે. આ તમામે તમામ ગ્રહો સૂર્યના ઉત્તરાષાઢા નક્ષત્ર સાથે એક બીજાની નજીક મકર રાશિમાં આવે છે. પૃથ્વી તત્ત્વની મકર રાશિમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિ ધરાવતાં ગ્રહો એક જ નક્ષત્રમાં રહસ્યમય સંઘર્ષ અને તીવ્ર બદલાવના સંકેત આપે છે. સૂર્ય-મંગળ-પ્લુટો યુદ્ધ અને વિનાશના દેવ છે. બુધ - શુક્રની સર્જનાત્મકતાને વિકૃત કરનાર બને છે. લોકોના વિચાર અને વ્યવહારને સ્વાર્થી કરનાર બને છે. પ્લુટો આખી દુનિયાનું પ્રતિનિધિત્વ કરે છે માટે પૃથ્વી પરના મનુષ્યનું જીવન દુષ્કર કરશે.

પ્રેમ અને સુખ-સમૃદ્ધિનો કારક શુક્ર જ્યારે પ્રતિકૂળ બને છે ત્યારે ભયંકર સમસ્યા પેદા થાય છે. તા. 19-1-2026ના દિવસે શુક્ર, શનિ અને પ્લુટો અંશાત્મક યુતિમાં તા.21-01-2026 સુધી રહેશે. આ બે દિવસ પૃથ્વી પર યુદ્ધ, ભૂકંપ, હિમ-વર્ષા, અતિવૃષ્ટિ, જવાળામુખી, દરિયાઈ તોફાન, આતંકવાદ, આગ, અકસ્માત, હવાઈ અકસ્માત અને પૃથ્વી પરના વાતાવરણના કારણે અચાનક ઋતુજન્ય રોગોનો ફાટો ફાટવાની શક્યતા રહેશે. મંગળ-સૂર્ય પ્લુટો યુદ્ધના દેવતા છે. તા.19 જાન્યુ.એ ચંદ્ર સહિત કુલ પાંચ ગ્રહો ગુરુ સાથે ષડાષ્ટક યોગ-શકટયોગ કરે છે. પૃથ્વી પરના શક્તિશાળી દેશો અને સંઘર્ષ કરતા દેશો વચ્ચે વિવાદ વકરશે. મોટા ભાગે વિવાદ રાજનીતિક, આર્થિક, સીમા કે હદ, ધાર્મિક, વૈચારિક મતભેદો, સંશોધનો પર નિયંત્રણ અને રાષ્ટ્રીય સુરક્ષાની ભાવના માટે જ્યારે રાજકીય નેતા શાંતિપૂર્ણ સમાધાન કરી શકતા નથી ત્યારે શાંતિ કે અન્ય કારણે અને આપસી અવિશ્વાસ અને ગેરસમજ વધે છે અને પોતપોતાનાં હિતોની રક્ષા કરવા યુદ્ધને નોંતરે છે.

તા.13-01-2026 થી 20-01-2026 સુધીના ગ્રહયોગો ઉપરોક્ત બાબતોને ભડાકવનાર બને છે. મોટા ભાગના ગ્રહો રાહુના ક્ષેત્રમાં આવે છે. ગુરુ હર્ષલ, નેપચ્યુન અને શનિ કેતુના ક્ષેત્રમાં છે. મંગળ કેતુનો ષડાષ્ટક યોગ યુધ્ધ કે કુદરતી આપત્તિ પેદા કરે છે. મંગળ-શનિ-રાહુ યુદ્ધ જેવું વાતાવરણ પેદા કરે છે. રાહુ ગુરુનો નવમ-પાંચમ યોગ થાય છે અશુભ માનવામાં આવે છે. ખાસ કરીને જ્યારે દુનિયાનું રાજકરણ દૂષિત હોય છે ત્યારે ધર્મ-આર્થિક, સીમા અને આતંકવાદને લઈને જાનહાનિ થાય છે. શક્તિશાળી લોકોનાં મન શેતાન સમાન થતાં હોય છે. તા. 16-1-2026 થી તા.11-05.2026 દરમિયાન મંગળ, પ્લુટો, રાહુ અને શનિ પરથી ભ્રમણ કરશે. આ સમય વિશ્વયુદ્ધના દરવાજા ખોલનાર છે. હાલના દુનિયાના રાજકીય વાતાવરણ પ્રમાણે અઘોષિત યુદ્ધ ચાલી રહ્યું છે. મંગળ-રાહુ- શનિ અને ગુરુનો યોગ, મકર, કુંભ અને મીન રાશિ સાથે થાય છે ત્યારે બે દેશો વચ્ચેના યુદ્ધને કોઇ રોકી શકતું નથી. જૂન- 2026 થી અતિચારી ગ્રહ ગુરુ કર્ક અને પછી સિંહ અને પાછો કર્કમાં ભ્રમણ કરશે ત્યારે મંગળ, શનિ, રાહુ સાથે અશુભ યોગ કરશે. આ સમય શાંતિ માટેનો નથી. મોટા ભાગે દેશો એકબીજા સાથે લડતા રહેશે અને પ્રજા વચ્ચે પીસાતી રહેશે. છતાં વ્યવહાર ચાલતાં રહેશે. ભારત દેશ પણ આ વિપરીત સ્થિતિથી બચી શકે તેમ નથી. અડોશ-પડોશથી પરેશાન થતો રહેશે તેમ જ દેશના મોટા રાજનેતા પર ઘાતના સંકેત છે. આપણા દેશનું રાજકારણ વધુ ડહોળું થશે પણ દેશનાં લોકોની સુખાકારીમાં ખાસ ફરક પડશે નહીં. એક સાથે ચાર-પાંચ ગ્રહોની શું અસર થાય છે તેનો અનુભવ થશે.

હવે ગાંધીનગરમાં મહાત્મા મંદિર સુધી દોડશે મેટ્રો

પીએમ મોદીએ અંતિમ તબક્કાનું કર્યું ઉદ્ઘાટન

ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા મંદિર ખાતેથી અમદાવાદ મેટ્રો ફેઝ-2 ના અત્યંત મહત્વના એવા સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ કર્યુ હતું. પીએમ મોદી સાથે આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા ડેસીએમ હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહયા હતા. આ સાથે જ ગાંધીનગરના આંતરિક વિસ્તારો અને અમદાવાદ વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે.મેટ્રો ફેઝ-2 ના આ વિસ્તરણ સાથે હવે સરકારી કર્મચારીઓ, મુલાકાતીઓ અને સ્થાનિક રહેવાસીઓ માટે મુસાફરી અત્યંત સરળ અને ઝડપી બનશે. સચિવાલય, જે રાજ્યનું વહીવટી કેન્દ્ર છે, તેને સીધું જ આંતરરાષ્ટ્રીય સ્તરના કન્વેન્શન સેન્ટર 'મહાત્મા મંદિર' સાથે જોડવામાં આવ્યું છે. હવે ગાંધીનગરમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડશે. મેટ્રો સેવાના આખરી ફેજનું પીએમ મોદી ઉદ્ઘાટન કર્યું હતું. મેટ્રો કનેક્ટિવિટીથી ગાંધીનગર અને અમદાવાદના ફાયદો થસે. ગાંધીનગરના નવા 5 સ્ટેશન પર મેટ્રો ટ્રેન દોડાવાશે. અક્ષરધામ, જૂના સચિવાયલ અને સેક્ટર-16 સુધી મેટ્રો જશે. સેક્ટર-24 અને મહાત્મા મંદિર સુધી ટ્રેન સુવિધા મળશે.

પીએમ મોદી આજે જર્મનીના ચાન્સેલર સાથે સાબરમતી આશ્રમ જશે

ગાંધીનગર : આવતીકાલે સવારે 8.30 કલાકે ગાંધી આશ્રમ પહોંચશે. પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે 8.30 કલાકે ગાંધી આશ્રમ પહોંચશે. પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે જર્મન ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની સાથે ગાંધી આશ્રમની મુલાકાત કરશે.આગામી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નું ઉદ્ઘાટન કરશે. આ ઉદ્ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો સહભાગી થશે. આ ઉપરાંત, ગુજરાત સહિત ભારતનાં ૧૪ રાજ્યોમાંથી ૯૩૬થી વધુ પતંગબાજો ભાગ લેશે. આમ, કુલ મળીને ૧૦૭૧ પતંગ રસિયાઓ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પતંગ ઉડાડશે.અમદાવાદ ખાતે ૧૨ થી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજોની વિવિધ પ્રકારની રંગબેરંગી મોટી પતંગો આકાશમાં લહેરાશે. જે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બનશે. આ ઉપરાંત, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાત્રિ પતંગ ઉડાનનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીઆવતીકાલે 10 વાગ્યે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું ઉદ્ઘાટન કરશે. 11.15 વાગે મહાત્મા મંદિરમાં જર્મની-ભારત વચ્ચે દ્વિપક્ષય બેઠકમાં ઉપસ્થિત રહેશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મનનીના ચાન્સેલર મહાત્મા આશ્રમ ખાતે હૃદય કુંજની મુલાકાત કરી મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ફૂલહાર કરશે અને ત્યારબાદ 2026 ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરવાના છે. ત્યારે તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. મહાત્મા મંદિર થી રિવર ફ્રન્ટ પતંગ ઉત્સવ સુધીના વિસ્તારમાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદી અને જર્મનીના ચાન્સેલર નું સ્વાગત કરતા હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. મહત્વનું છેકે વડાપ્રધાન મોદીનું સાબરમતી આશ્રમ ખાતે 25 મિનિટ સુધી રોકાશે.

ગુજરાત વૈશ્વિક રોકાણનું પસંદગીનું કેન્દ્ર બન્યું છે : સીએમ ભૂપેન્દ્ર પટેલ

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટ ખાતે મુખ્યમંત્રી અને હર્ષ સંઘવીનું સંબોધન

ગાંધીનગર : રાજકોટ આજે સૌરાષ્ટ્ર-કચ્છ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ 2026ના ઉદ્ઘાટન પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રમોદીના વિઝનથી વર્ષ 2003માં શરૂ થયેલી વાઇબ્રન્ટ ગુજરાત સમિટે રાજ્યની ઔદ્યોગિક ક્ષમતાને વૈશ્વિક મંચ પર ઉજાગર કરી છે. મહાજન, પ્રજાજન અને પ્રશાસનની સંયુક્ત મહેનત તથા સતત યોજાતી વાઇબ્રન્ટ સમિટના પરિણામે આજે ગુજરાત દેશનું "ગ્રોથ એન્જિન" અને રોકાણ માટેનું "મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન" બન્યું છે. છેલ્લા 20 વર્ષમાં રાજ્યમાં રૂ. 3.57 લાખ કરોડનું વિદેશી રોકાણ આવવું એ તેની મોટી સિદ્ધિ હોવાનું તેમણે જણાવ્યું.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે ગુજરાત આજે "ગ્લોબલ ગેટવે ટુ ધ ફ્યુચર" તરીકે પ્રગતિના નવા બેન્ચમાર્ક સ્થાપિત કરી રહ્યું છે. ઓટોમોબાઇલ, સેમિકન્ડક્ટર, ફાઇનાન્શિયલ સર્વિસિસ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ગ્રીન એનર્જી જેવા ઊભરતા ક્ષેત્રોમાં ગુજરાત ઝડપથી વૈશ્વિક હબ બની રહ્યું છે. તેમણે જણાવ્યું કે 2024ની વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં થયેલા 98 હજાર એમઓયુમાંથી 25,500 એમઓયુ સૌરાષ્ટ્ર-કચ્છના હતા અને તેમાંના 78 ટકા પ્રોજેક્ટ્સ કમિશન થઈ ચૂક્યા છે. કચ્છ-સૌરાષ્ટ્ર પ્રદેશ અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે અહીંના 12 જિલ્લાઓ રિન્યુએબલ એનર્જી, વર્લ્ડ ક્લાસ પોર્ટ્સ, શિપ બિલ્ડિંગ, એગ્રો પ્રોસેસિંગ, સિરામિક, કેમિકલ, ફિશરીઝ અને બ્લુ ઇકોનોમી જેવા ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઇકોસિસ્ટમ ધરાવે છે. "વોકલ ફોર લોકલ, લોકલ ફોર ગ્લોબલ"ની વિચારધારાને સાકાર કરવા રાજ્ય સરકારે જિલ્લાકીય GDPનો અભિગમ અપનાવ્યો છે અને રાજ્યમાં છ રીજનલ ગ્રોથ હબ વિકસાવવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનના "સોમનાથ સ્વાભિમાન પર્વ"એ જનજનમાં આસ્થા અને આત્મવિશ્વાસને નવી ઊંચાઈ આપી છે.

પલસાણામાં ઓટોપાર્ટ્સ ડીલરોને ત્યાંથી શંકાસ્પદ વ્યવહારો જપ્ત

દિલ્હીથી રોકડમાં ખરીદી કરતા ત્રણ ડીલરોને ત્યાંથી હિસાબી દસ્તાવેજો કબ્જે લેવાયા

સુરતઃ પલસાણા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ઓટોપાર્ટર્સના ડીલરોને ત્યાંથી સીજીએસટીનાં સરવે દરમિયાન શંકાસ્પદ બિનહિસાબી વ્યવહારો મળી આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે મોડી રાત સુધી હિસાબોનું વેરિફીકેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સીજીએસટી દ્વારા તમામ હિસાબી દસ્તાવેજોને સીલ મારી કબ્જે લેવામાં આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. આવતીકાલે સોમવારે સીજીએસટી આગળની તપાસ હાથ ધરશે.

અત્રે નોંધનીય છે શુકવારે સાંજે સીજીએસટીની ટીમ પલસાણા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારના ત્રણ ઓટોપાર્ટર્સ ડીલરોને વરુણીમાં લીધાં હતાં.

ભોપાલ કનેક્શનમાં ઓટોપાર્ટર્સ ઇમ્પોર્ટ-એક્સપોર્ટ કરતી પાર્ટી વરુણીમાં

પલસાણામાં ઓટોપાર્ટર્સ ડીલરોને ત્યાં સીજીએસટી વિભાગના દરોડામાં ઓટો પાર્ટ્સ ઇમ્પોર્ટ-એક્સપોર્ટ કરતી પાર્ટી વરુણીમાં આવી હતી. જાણકાર સૂત્રોનાં જણાવ્યાં મુજબ કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી આ પાર્ટીને ત્યાં ભોપાલ (એમપી) કનેક્શનને કારણે સીજીએસટીની તપાસ આવી હતી.

રેલવે પોલીસે મોબાઈલ ચોરીના ચાર મોબાઈલ સાથે આરોપીને ઝડપ્યો

સુરતઃ રેલવે પોલીસે (GRP) લાલ આંખ કરી છે. પ્લેટફોર્મ નંબર 1 પરથી સર્વેલન્સ ટીમે બાતમીના આધારે એક કુખ્યાત મોબાઈલ ચોરને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી પોલીસને 33,000ની કિંમતના 4 મોબાઈલ ફોન મળી આવ્યા છે, જેની સાથે જ મોબાઈલ ચોરીના ચાર અલગ-અલગ ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. PI જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે લિંબાયત વિસ્તારમાં રહેતો 23 વર્ષીય સાદિક મુક્તારને શંકાના આધારે ઝડપી લીધો હતો. તે મોબાઈલની માલિકીના પૂરાવાર રજૂ કરી શક્યો ન હતો. તેણે આ મોબાઈળ ટ્રેન અને પ્લેટફોર્મ પરથી ચોરી કર્યા હોવાની કબૂલાત કરી હતી.

'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે નહીં મરે' કહેવતને સાકાર કરતો કિસ્સો

આર્થિક તંગી દૂર કરવા 27.48 લાખ ખર્ચ્યા, તે પણ ગયા...

અંકલેશ્વરના પારડી ઈદ્રીશ ગામના એક સજ્જન ત્રણ ઠગબાજની અંધશ્રદ્ધાની વાતોમાં ફસાયા

લક્ષ્મીજીની પ્રસન્ન કરવા પૂજા-વિધિ અને અન્ય બહાના હેઠળ પૈસા પડાવી લીધાં, ત્રણેયની ધરપકડ

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના પારડી ઈદ્રીશ ગામમાં લક્ષ્મી માતાની પૂજા-વિધિ દ્વારા આર્થિક તંગી દૂર કરવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે રૂ.27.48 લાખની છેતરપિંડી કર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે ત્રણ વ્યક્તિ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

ફરિયાદી વિકિતભાઈ કાંતિભાઈ ભોઇ (ઉ.વ. 42 રહેવાસી ભોલાવ, ભરૂચ)એ પાનોલી પોલીસને આપેલી ફરિયાદ મુજબ તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી આર્થિક સંકટમાં હતા. આ દરમિયાન મિત્ર મારફતે પારડી ઈદ્રીશના સન્મુખ બુધા વસાવા તથા તેમના પુત્ર પ્રતિક વસાવા તેમજ બાલાસિનોરના ગુરૂજી સુથારભાઈ (બાપુ) સાથે સંપર્ક થયો હતો.

આરોપીઓએ લક્ષ્મી માતાની પૂજા-વિધિ કરી આર્થિક મુશ્કેલી દૂર કરી આપવાની ખાતરી આપી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. ધાર્મિક વિધિ અને અંધશ્રદ્ધાના બહાને રૂપિયા પડાવી લીધા હતા.

અંત્યોદય એક્સપ્રેસ બલરામપુર સુધી જ દોડશે

બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સાપ્તાહિક સ્પેશિયલ 28 માર્ચ, 2026 સુધી રદ

સુરત : સુરત અને દક્ષિણ ગુજરાતથી ઉત્તર ભારત તરફ જતા હજારો મુસાફરો માટે રેલવેના સમાચાર ચિંતાજનક સાબિત થયા છે. ગોરખપુર યાર્ડમાં ચાલી રહેલા એન્જિનિયરિંગ અને ટેકનિકલ સુધારાના કામને કારણે ટ્રેન વ્યવહાર પર મોટી અસર પડી છે. જેમાં સુરત થી પસાર થતી અને શ્રમિકો માટેની જીવાદોરી સમાન 'અંત્યોદય એક્સપ્રેસ'ના રૂટ માં ઘટાડો કરાયો છે, જ્યારે 'બાંદ્રા-ગોરખપુર સ્પેશિયલ' ટ્રેન રદ કરવામાં આવી છે.

રેલવે વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 22921 (બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસ) આગામી 29 માર્ચ, 2026 સુધી તેના અંતિમ સ્ટેશન ગોરખપુર સુધી નહીં જાય.

આ ટ્રેનને બલરામપુર સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવી છે આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ હોવાથી સુરતમાં વસતા પરપ્રાંતિયો શ્રમિકોમાં તેની ખૂબ માંગ રહે છે. હવે મુસાફરોએ બલરામપુર ઉતરીને ગોરખપુર જવા માટે અન્ય સાધનો કે ટ્રેનોની મદદ લેવી પડશે, જેના કારણે તેમના સમય અને નાણાં બંનેનો વ્યય થશે.જેને કારણે બાંદ્રા ગોરકપૂર ટ્રેન નંબર 05054 મુસા ફરોનું ભારણ વધશે કેમ કે સુરતથી ઉત્તર પ્રદેશ જવા માટે આ એક મહત્વનો વિકલ્પ છે.

અનુસંધાન ... પાના પહેલાનું

ઇરાનના વિરોધ...

રાજધાની અને બીજા સૌથી મોટા શહેરના માર્ગો પર ઉતરી આવ્યા હતા. દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં ફાટી નીકળેલી હિંસામાં ઓછામાં ઓછા 203 લોકોના મોત થયા છે, અને ચળવળકારોએ રવિવારે ચેતવણી આપી હતી કે વાસ્તવિક મૃત્યુઆંક આનાથી ઘણો વધારે હોઈ શકે છે.

ઈરાનમાં ઈન્ટરનેટ બંધ હોવાથી અને ફોન લાઈનો કપાઈ ગઈ હોવાથી, વિદેશથી આ પ્રદર્શનોનો અંદાજ મેળવવો વધુ મુશ્કેલ બન્યો છે. જો કે, અમેરિકા સ્થિત 'હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ ન્યૂઝ એજન્સી' (HRANA) અનુસાર, વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંકમાં ધરખમ વધારો થયો છે. સંસ્થાના જણાવ્યા મુજબ મૃતકોમાં 162 પ્રદર્શનકારીઓ છે જ્યારે 41 સુરક્ષા દળોના સભ્યો છે. આ જૂથ ઈરાનમાં રહે